

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ફળની લારીવાળો ખૂદનો 'વિધાતા' બની ગયો,*
*રડ્યો, રડાવ્યા પ્રેક્ષકો, 'ટ્રેજેડી કીંગ' બની ગયો,*
*બની ગયો 'લીડર' દીધો 'પૈગામ' વાસ્તવિકતાનો -*
*અભિનયે 'શક્તિ'માં બચ્ચનનો બાપ બની ગયો.*
*(અય મેરે દિલ કહીં ઔર ચલ, ગમ કી દુનિયા સે દિલ ભર ગયા)*

**હાઈકુ**

*'દિદાર' જોવા*
*તડપશે પ્રેમીઓ*
*લાગશે 'મેલા'*

*શોભાની 'આન'*
*ખોવાયો 'કોહીનૂર'*
*બોલીવૂડનો -*

### ચિંતન

***સમન્વિતે સુવિકાન્તો સુકૃતૌ સુવિચારતે ।***
***પ્રારંભે કૃત બુદ્ધિનાં સિદ્ધિ રવ્યા ભિચારિણી ॥***

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પરિપક્વ અને સ્થિરબુદ્ધિવાળા પરસ્પર સારી રીતે સમજપૂર્વક મંત્રણા કરીને, યોગ્ય રીતે પ્રેમથી, આયોજનપૂર્વક, બાંધછોડ કરીને વિચારપૂર્વક આરંભેલ (દેશ-રાજયનું) વિકાસ કાર્યોમાં એકજૂટ થઈ, સંપીને કરે તો દરેક કાર્યોમાં અચૂક સિદ્ધિ મળે જ છે.

આ શ્લોક આપણી આજકાલ આવી રહેલી વિધાનસભા-સંસદના સંદર્ભમાં સમજવા જેવો છે. સત્રની શરુઆત થાય તે પહેલાં અધ્યક્ષશ્રી બેઠક તો બોલાવે છે અને તેમાં દેશના વિકાસ માટે શાંતિ ભર્યો સહકાર આપવાની દરેક પક્ષ દ્વારા આશ્વાસન પણ અપાય છે. અને જેવી સંસદ કે વિધાનસભા શરૂ થાય કે સૌ આશ્વાસન ભૂલાઈ જાય છે. ગૃહમાં તો એ જ હોબાળો - સૂત્રોચ્ચાર - શોરબકોર કાને પડે છે. જ્યાં સ્વસ્થ મને ચર્ચા થવી જોઈએ ત્યાં સસ્પેન્ડ - વોકઆઉટ ચાલે છે. દેશની કરોડોની સંપત્તિ સાચવીને વપરાય. દેશનો સર્વમુખી વિકાસ થાય એ સમજી - વિચારી - ચર્ચા - આયોજન કરવાને બદલે બધા સભ્યો 'દેશનો વિનાશ અને ફક્ત સ્વનો વિકાસ' સૂત્ર પર જીવતા થઈ ગયા છે.

### સુવિચાર

- પ્રાર્થના એટલે ફક્ત હોઠથી નહીં પણ સંપૂર્ણ અસ્તિત્વથી હસવું - **એસ. ભટ્ટાચાર્ય**
- જવાબદારી જવાબદારીપૂર્વક પૂર્ણ કર્યા જેવો સંતોષ દુનિયામાં બીજો કોઈ નથી - **સ્નેહા પટેલ**
- સાંભળ ભીતરનો સાદ જરી, બેસી થોડીવાર,
  અસ્તિત્વ તારું ડૂબી રહ્યું અંધકારમાં, અંતરમાં દીવો કરી, બેસ થોડીવાર - **પંકજ વખારિયા**
- સ્વીકારનો અનુવાદ વિશાળતા કરી શકાય - **ભૂપત વડોદરિયા**
- 'જિદ' કરના સીખો, જો લિખા નહીં હૈ મુકદ્દર મેં ઉસે હાસિલ કરના શીખો - **દાનિશ અંજુમન**
- માણસના શરીરમાં સૌથી ખુબસુરત અંગ દિલ છે,
  પણ એ જ સાફના હોય તો સુંદર ચહેરો પર કશા કામનો નથી - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : સવારના ખાલી પેટે બે નારંગીના જ્યુસને ગરમ પાણીમાં ઉમેરી પીવાથી કિડનીની બિમારીમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઉત્તરપ્રદેશના ગાજીપુરાના એક અતિ પછાત વિસ્તારમાં એક સરકારી પ્રાથમિક શાળામાં ૨૦૦૯ના વર્ષમાં અવનિશ યાદવ નામના એક યુવાન શિક્ષકની બદલી થઈ. અવનિશ ને તેના મિત્રોએ કહ્યું કે આ સમય તેના માટે સજાનો સમય છે... અવનિશે આ સજાને મજામાં બદલી નાખવાનો સંકલ્પ કર્યો. શાળાની સાવ બિસ્માર હાલત; કોઈ સુવિધા ન હતી. ગણ્યા ગાંઠ્યા બાળકો સરકારી સહાયનો લાભ લેવાના ઈરાદાથી જ શાળામાં એડમિશન લેતા. અવનિશે શાળાને જીવંત કરવા માટે દિલથી કામ ઉપાડ્યું. ઘરે ઘરે જઈને બાળકોને મળ્યા તેમનાં વાલીઓને મળ્યા. શિક્ષણનું મહત્વ સમજાવ્યું. બાળકોને સ્કૂલે મોકલવા વિનંતી કરે. અવનિશના સતત પ્રયાસોથી બાળકો શાળાએ આવતા થયા. અવનિશે રાત-દિવસ જોયા વગર બાળકોને ભણાવે. બાળકોના વાલીઓને પણ વ્યસનમાંથી મુક્ત થવા સમજાવે. વ્યસનમાં થતા ખર્ચા બંધ કરીને બાળકોના ભવિષ્ય માટે બચત કરવાની ટેવ પાડી. સતત છ વર્ષના પરિશ્રમ પછી આ પછાત ગામની સ્કૂલ બદલી નાખી. જે બાળકો પૈસા કમાવા મજૂરી કરવા જતા એ બાળકો અભ્યાસમાં ચતુર અને હોંશિયાર થયા. થોડા સમય બાદ અવનિશની બદલી થઈ. ત્યારે આખું ગામ હિબકે ચડ્યું. એક શિક્ષકે એક પછાત ગામમાં અદ્ભૂત પરિવર્તન આણ્યું. એક જુદા પ્રકારની સમાજની રચના કરવા કરવા શિક્ષક સક્ષમ છે.

# સમાન સિવિલ કોડનો સમય પાકી ગયો છે

**તંત્રીસ્થાનેથી...**

મીણા અનુસૂચિત જનજાતિની મહિલાએ છૂટાછેડા લવા માગતા એના હિંદુ પતિની અરજી ફેમિલી કોર્ટમાંથી એ મુદ્દે ફગાવી દીધી કે આદિવાસી સમાજને હિંદુ સ્પેશિયલ મેરેજ એક્ટ કે કોડ લાગુ પાડી શકાય નહીં. આ જ મુદ્દા પર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી વિરુદ્ધ પ્રથમ પત્નીની અરજી ટકી શકી નહોતી. એમણે મુખ્યમંત્રીશ્રીનાં બીજાં લગ્નને ગેરકાયદેસર ઠરાવવા અપીલ પણ કરી. ઉપરોક્ત છૂટાછેડાની માગણી વાળો પુરુષ દિલ્હી હાઈકોર્ટમાં ગયો ત્યારે વિદુષી મહિલા ન્યાયમૂર્તિએ જે નિરીક્ષણ કર્યું છે તે વર્તમાન પરિસ્થિતિમાં ધ્યાનાર્હ બની રહે છે. આઝાદી મળી અને બંધારણના ઘડવૈયાઓએ બંધારણને આખરી ઓપ આપ્યો ત્યારે સંજોગો જુદા હતા. જ્ઞાતિ ધર્મ-સંપ્રદાય અને પરંપરાઓને ધ્યાનમાં રાખી દરેકને પોતપોતાના ધાર્મિક રીતરિવાજ મુજબ લગ્ન કરવાનો અને છૂટાછેડા લેવાનો અલગ અલગ કોડ નક્કી કરાયો હતો. મુસલમાનો, ખ્રિસ્તીઓ અને હિંદુ તથા હિંદુ ધર્મમાંથી પડેલા ફાંટા જેવા કે બૌદ્ધ, જૈન અને શીખો માટે ખાસ લગ્ન કાયદા બનાવાયા હતા, જે મુજબ એ ધર્મ સંપ્રદાયના નાગરિકો પરણી શકતા હતા અથવા છૂટાછેડા માગી શકતા હતા. આદિવાસી પ્રજાને પ્રકૃતિપૂજક ગણીને તથા એમાં એનાં પોતીકાં શ્રદ્ધસ્થાનકો હોવાની બાબત ધ્યાને લઈ એમને હિંદુ મેરેજ એક્ટ લાગુ નહોતો પડતો. આદિવાસી સમાજ ઘણો પ્રાચીન છે. એમાં વર્ણાશ્રમ વ્યવસ્થા નથી એ દૃષ્ટિએ હિંદુ જેવો લાગતો હોવા છતાં હિંદુ નથી, એવું અર્થઘટન કાયદાની ભાષામાં થતું રહ્યું છે. હાઈકોર્ટનાં વિદુષી ન્યાયમૂર્તએ વર્તમાન સંજોગોમાં હવે વિવિધ જ્ઞાતિ-સમુદાયો કે ધર્મ-સંપ્રદાયનાં યુવક યુવતીઓ વચ્ચે આવું વ્યાવધાન ન રહેવું જોઈએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. કોમન સિવિલ કોડ લાગુ કરાય તો આપોઆપ વિવિધ ધર્મ-સંપ્રદાયોને અલગ પાડતા જૂના કાયદા નિરસ્ત થઈ જાય અને સમગ્ર ભારતીય સમાજમાં એકરૂપતા આવી શકે. પછી કોઈને ધર્મ સંપ્રદાયની સંકીર્ણ જંજીરોમાં બંધાઈને સબડવું ન પડે. ભારતીય જનતા પાર્ટી શરૂથી જ દેશમાં આવી વ્યવસ્થાનું સમર્થન કરતી આવી છે. બંધારણના ઘડવૈયાઓએ પણ માર્ગદર્શન સિદ્ધાંતોના પ્રકરણમાં આ પ્રકારની વ્યવસ્થા માટેની તરફેણ કરેલી છે. જો કે ભારતીય જનતા પાર્ટી માટે કોમન સિવિલ કોડ એક રાજકીય ચૂંટણી મુદ્દો છે, અને તેનું અમલીકરણ કરાવવા એની પાસે અત્યારે જરૂરી એવી બહુમતી પણ છે જ. કાશ્મીર કે તીન તલાકથી લઈ અયોધ્યાના રામજન્મભૂમિ મંદિર અંગે મોદી સરકારે હિંમતભેર નિર્ણયો લીધા છે એમ સમગ્ર સમાજને સ્પર્શતા આ સંવેદનશીલ મુદ્દે પણ એ જરૂર બોલ્ડ સ્ટેપ લઈ શકે એમ છે. ચૂંટણીલક્ષી મુદ્દો બનાવવા માટે એવો સુધારો છેક લોકસભાની ચૂંટણી પૂર્વે થોડા વખત પહેલાં જ લેવાય અને એથી હિંદુ બહુમતીને રાજી કરી શકાય એવી ગણતરીમાં હાલ પૂરતા વડાપ્રધાન અને ગૃહપ્રધાન આ મુદ્દે મૌન છે. પરંતુ હવે જયારે હાઈકોર્ટે જ સામેથી આ મુદ્દે આગળ વધવાની સલાહ આપી છે અને અગાઉ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પણ એવા સંકેત આપતા ગયેલ છે ત્યારે વર્તમાન ભાજપ સરકાર માટે એને ઝડપી લેવાની પણ તક છે જ. સૌ જાણે છે કે લઘુમતી મુસ્લિમ સંપ્રદાય એનો જોરદાર વિરોધ કરશે. વળી કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી કે એનડીએના જ ઘટક સમું નીતીશનું જનતા દળ (યુ) પણ ઊહાપોહમાં જોડાશે. પરંતુ સમગ્ર પ્રજાના અને સવિશેષ યુવા વર્ગના હિતમાં આવો નિર્ણય લેવાય તો એ લાંબે ગાળે આવકારદાયક જ લેખાશે. એથી પરંપરાના અને ધર્મના નામે ઊહાપોહ જરૂર સરજાઈ શકે પણ સમય જતાં દેશનાં હિતમાં હશે. એથી વ્યક્તિના મૂળભૂત અધિકારના હનનનો મુદ્દો ઉછાળાશે, છતાં એ આજે નહીં તો કાલે આધુનિક વિશ્વ સાથે કદમ મિલાવવા કરવા જેવું કામ છે. ઘણાં ઈસ્લામિક રાષ્ટ્રોમાં પણ ત્યાંની પ્રજા માટે એક સરખો કાયદો હોય તો ભારતમાં કેમ નહીં ? પણ 'ગંગા-જમના સંસ્કૃતિ' અને 'વિવિધતામાં એકતા' જેવા ચવાયેલા મુદ્દા ઉછાળી લઘુમતી વોંટ બેંક પર જીવતા રાજકીય પક્ષો અને મુલ્લા-મૌલવી જરૂર એને અટકાવવા છેલ્લામાં છેલ્લા પ્રયાસો કરશે તે સમજી શકાય એમ છે.

# પરિવર્તન એ પ્રકૃત્તિનો અફર નિયમ છે!



**આરપાર**
**રાઘવજી માધડ**

આપણી શેરી કે સોસાયટીના નાકે જાણે રાહ જોઈએ જ ઊભાં હોય એમ તરતજ પૂછે:'કેટલા ટકા આવ્યા?લ્લઅને પૂરું સાંભળ્યું કે સમજયાં ન હોયતો પણ જાતભાતના અભિપ્રાય આપવા લાગે ને છેલ્લે, સાય ન્સ લેવડાજો હો...આવું ભાર દઈને કહી દે. આજની પરીક્ષા કેન્દ્રી શિક્ષણપદ્ધતિની આ સામાજિક દેણગી છે.

પણ માસ પ્રમોશન પછી આવું મેરીટ કે ટકાવારીનું પૂછવા,કહેવાનો અથવાતો સંતાનના સારા ટકા ના લીધે હરખાઈને પાડોશીના ઘરે મીઠાઇ મોકલવાનું લગભગ મૂલત્વી રહ્યું છે. પેલી કહેવત માફક આવ ભાઈ હરખા, આપણે સૌ સરખા...કોણ, કોને શું કહે..? એક કિશોર મોબાઈલમાં મોં રાખી તેની મમ્મીને કહે છે: 'આવું બે-ત્રણ વરસ ચાલે તો ઘરે બેઠો હું ગ્રેજ્યુએટ થઈ જાઉં ને !' સમજણી મમ્મી, શું જવાબ આપે ?

આ માસ પ્રમોશન પછી સૌથી અગત્યનો સવાલ સામે આવીને ઉભો રહ્યો છે, કયા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવો ! આજે અનેક પ્રકારની સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યુટ ઉઘડી છે. કોઈની સોહામણી ને લોભામણી જાહેરાતોની ભરમારથી ભોળવાઈને એવા કોઈ અભ્યાસક્રમમાં એડમિશન લેવા,અમુક અધૂરા વાલીઓ અધીરા થાય છે.આમ થવું નવું નથી. વાલી પોતાના સંતાન માટે સઘળું કરી છૂટે તે સ્વાભાવિક છે.પણ તમે જાહેરાતથી અંજાઈને આગળ વધ્યા છો કે પછી ખરેખર તમારું સંતાન એ અભ્યાસક્રમ માટે યોગ્ય છે ? આ સવાલને એડમિશન લેતા પૂર્વે કોઈ વાલી ઘડીભર મનમાં મમળાવે તો જવાબ જડવો જરાય મુશ્કેલ નથી.

આજે પ્રથમ પસંદગી સાયન્સ,પછીથી કોમર્સ અને નાછૂટકે આર્ટસ...આવું વાલી અને વિદ્યાર્થીઓ ના મનમાં ઠસાઈ અને ફસાઇ ગયેલું છે.પણ આવું માનવું સાવ સાચું નથી.હા,સાયન્સ કર્યા પછી વિકલ્પો મળે છે. પણ અન્ય પ્રવાહના અભ્યાસ પછી અનેક વિકલ્પો ઉઘડે છેતે શોધતા ને સમજતા આવડવું જોઈએ.

વાલીએ પોતાના પાલ્ય માટે કઈ સંસ્થામાં અને કયા અભ્યાસક્રમમાં એડમિશન લેવું તે તેમની વ્ય ક્તિગત પસંદગી છે.પણ અમુક વાલી સલાહ લેવા આવે છે ત્યારે આ મુદ્દો છેડવો યોગ્ય લાગ્યો છે. સલાહ માટે આવે, આપણે તેમને સમજાવવાનો પ્રયાસ કરીએ પણ સામે તેમની દલીલતો ચાલુ જ હોય...ને અમુક વાલીએ એડમિશનનું અગાઉથી નક્કી જ કરી લીધેલું હોય તેમાં આપણી પાસે કોઈપણ રીતે હા પડાવે ! આપણે નક્કી ન કરી શકીએ,સલાહ લેવા આવ્યા હતા કે આપવા ?માણસની અંદર છૂપાયેલો અહમ ઘણી બાબતોને સમજતો હોવા છતાં સ્વીકારી શકતો નથી. પણ સલાહ લેવામાં શાંતિથી સાંભળવાનો ગુણ કેળવી શકાય એવો અભ્યાસક્રમ હજુ સુધી કોઈ યુનિવર્સિટીએ ઘડ્યો નથી.હા,સઘળી સલાહ સ્વીકારવી જરાય જરૂરી નથી પણ તેમાંથી સારું-નરસું કે યોગ્યતાની તારવવાની સમજણ કેળવીને પછી આગળ વધવું પડે.

મૂળ મુદ્દોતો સંતાન, વિદ્યાર્થિની રસ,રુચિ,આવડત અને કૌશલ્યનો છે. તે મુજબ કોર્ષ, અભ્યાસક્રમ પસંદ કરવામાં આવેતો તે સંતાન ભવિષ્યમાં તેના ફિલ્ડમાં સફળ થઈ શકે.યુગ હવે ઝડપથી બદલાઈ રહ્યો છે.આવતા સમયમાં પ્રાઈવેટ કંપનીઓ નોકરીદાતા હશે ત્યારે કંપની ડીગ્રી સાથે કૌશલ્ય અને આવડતને ચકાસશે. પગાર પણ તે મુજબ નક્કી કરશે. જો ભણ્યા,ભણાવ્યા પછીનો આપણો ઉદેશ્ય રોજગારી હોય જ તો,પાલ્ય કે સંતાનની રસ,રુચિ,આવડત...ને જાણી,સમજી તે પ્રમાણે અભ્યાસક્રમ નક્કી કરી એડમિશન લેવું પડે. કોઈ ચાલુ ગાડીએ ચઢી જવાથી મુસાફરી ચોક્કસ થાય છે પણ મુકામ સુધી પહોંચી શકાતું નથી.


કોરોનાના લીધે જે મુસીબતો ઉભી થઇ તે અગણિત છે.પણ તેમાં કયાંક સારું થયું છે.ઘરે રહેવાના લીધે પરિવારને નજીકથી જોવા,જાણવાનો અવસર મળ્યો છે.સંતાન એક વરસથી ઘરે જ છે. જો સંતાન પાસે અને સાથે બેસી સંવાદ કર્યો હશેતો તેની રસ,રૂચી,કૌશલ્ય અને વિચારોને પણ જાણી શક્યા હશો...તેના આધારે સંતાન માટેનો અભ્યાસક્રમ અને સાથે શાળા-કોલેજ પસંદ કરવામાં આવશે તેમાં તેનું હિત હશે. જે કોર્ષ, અભ્યાસક્રમની આજે બજારમાં બોલબાલા છે...પણ પાંચ વરસ પછી તેની સ્થિતિ શું હશે તે વિચારવું બહુ અગત્યનું છે.આજે સઘળું ઝડપથી બદલાઈ રહ્યું છે.જે આજે સારું ને સાચું ગણાય છે તે આવતીકાલે એટલે કે ભવિષ્યમાં એમ ન પણ હોય !સ્વીકારવું રહ્યું,પરિવર્તન એ પ્રકૃત્તિનો અફર નિયમ છે.

છેલ્લે :

મનગમતું મળે તો ખુશી ને સુખી થઈ શકાય પણ મળ્યું તે ગમાડવું તેને આનંદ કહી શકાય.

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# સૌના અંતરને અજવાળતા સરળ અને સૌમ્ય સર્જક : રમેશ ઠક્કર






**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

આમ જોઈએ તો સરકાર અને સાહિત્ય એકબીજાના પૂરક હોવા જોઈએ. સરકાર સાહિત્યને પ્રોત્સાહિત કરે અને સાહિત્ય સરકારને સંસ્કારિત કરે. પણ મોટેભાગે આવું થતું હોતું નથી. ગુજરાતમાં તો છેલ્લા કેટલાક વર્ષોથી સરકાર અને એક જૂથના કેટલાક સાહિત્યકારો સામસામે છે. આવી પરિસ્થિતિમાં સરકારમાં ઉચ્ચ પદ પર બેસીને સતત સાહિત્ય લેખન કરવું અને એ પણ મૌલિક અને મૂલ્યવાન. એ ખરેખર આશ્ચર્ય પમાડે એવી ઘટના છે. કેમ કે સરકારમાં ઉચ્ચ પદ પર અનેક અધિકારીઓ થઈ ગયા જેઓ સાહિત્યકાર તરીકે જાણીતા થયા છે પણ એમના સર્જનની મૌલિકતા વિશે અનેક શંકા-કૂશંકાઓ અને અફવાઓ ફરતી રહે છે. અને હવે તો સોશિયલ મીડિયાનો યુગ આવી ગયો છે. ઉચ્ચ પદને કારણે ગમે તેવા જોડકણાને, બિન સાહિત્યિક લખાણને પણ સાહિત્ય ગણીને વાહવાહી કરનારા પણ અનેક નામી નવોદિત સર્જકો આપણે ત્યાં મળી આવે છે. આવા આજના શાશ્વત શબ્દ વિનાના બિન સાહિત્યિક સોશિયલ મીડિયાના ભ્રામક યુગમાં કોઈ સરકારી ઉચ્ચ પદાધિકારી અને સાચા સર્જક તરીકે મળી આવે ત્યારે વિશેષ આનંદ થાય છે. આવી જ એક વ્યક્તિ શ્રી રમેશ ઠક્કરની આજે વાત કરવી છે. જેઓ કવિ અને નિબંધકાર તરીકે ખ્યાત થયા છે. લૂણાવાડામાં એડિશનલ કલેક્ટર તરીકે હજી હમણા જ ૩૧ મે ના રોજ વયનિવૃત્ત થઈને હવે સાહિત્યમાં પ્રવૃત્ત થયા છે.

શ્રી રમેશભાઈનો પરિચય મને બહું ઓછો. છેલ્લા પાંચ સાત વર્ષથી જ હું એમને ઓળખું. એમને પ્રથમ દૃષ્ટિએ જોતા શિક્ષક લાગે, પછી આપણને જાણ થાય કે તેઓ તો એડિશનલ કલેક્ટર છે તેથી આપણી બોડીલેંગ્વેજ એમની સાથે બદલાઈ જાય, એક ઉચ્ચ અધિકારી માનીને સૌ કોઈ એમની સાથે મન ઉપર એક ભાર રાખીને વાત કરે. પણ આ રમેશભાઈ જેમને પણ મળે એમને અડધો એક કલાકમાં સૌ કોઈને ભાર વિનાના કરી દે અને સૌ કોઈની સાથે આત્મીયતા બાંધી લે. બીજી કલાકે આપણને એવું લાગે કે આ રમેશભાઈને આપણે વર્ષોથી ઓળખીએ છીએ. રમેશભાઈની એક ખાસિયત મને એ જોવા મળી કે તેઓ અતિ નમ્ર અને મૃદુભાષી વ્યક્તિ છે. જેને કારણે એમને ક્યારેક સરકારી નોકરીમાં નૂકસાન પણ ભોગવવું પડ્યું હશે. પણ તેઓ આ નૂકસાનને પણ નફો સમજીને વધુ નમ્ર અને મૃદુ બની રહે એવા છે. એમની નમ્રતાની પરાકાષ્ઠા ત્યારે આવે કે જ્યારે તેઓ પોતાનું વક્તવ્ય આપતા હોય છે ત્યારે તેમની વાણીની અભિવ્યક્તિ જે નમ્રતાથી થાય છે મેં એવી નમ્રતા આજ સુધી કોઈની જોઈ નથી. તેઓ જાહેરમાં બોલતા હોય તો એવું લાગે કે તેઓ સામે બેઠેલી પ્રત્યેક વ્યક્તિને પ્રેમથી કંઈક સમજાવી રહ્યા છે. અને એમના વક્તવ્યમાં જો કોઈ વિદ્વતાભરી વાત આવી જાય તો એની ક્રેડિટ પણ બીજાને નામે કરી દે કે આ વાત ફલાણા વિદ્વાને કહેલી. આટલા સત્ય અને સ્પષ્ટવક્તા. તેઓ જ્યારે બોલતા હોય ત્યારે એમની આંખોમાં એક પ્રકારની મુગ્ધતા અને ચહેરા ઉપર બાળસહજ સ્માઈલ અને વાણીમાં અતિવિનમ્રતા હોય છે. ઘણા લોકોને વિનમ્રતાનો પણ અહંમ, દેખાડો હોય છે. પોતાની વિનમ્રતાના ચારેતરફ ગાણાં ગાતાં હોય છે. ત્યારે રમેશભાઈ આવા બધા વિભાવોથી, દુષણોથી જોજનો દૂર છે. એ સામેની વ્યક્તિને સહેજ પણ એવો અનુભવ ના થવા દે કે પોતે ઉચ્ચ અધિકારી, મહાન કવિ કે લેખક કે અતિ વિદ્વાન વ્યક્તિ છે. એમની સરળતા ને સાહજિકતા એમના વ્યક્તિત્વની સૌથી મોટી મૂડી છે. ઉપરાંત સામેની વ્યક્તિ ભલે નવોદિત કવિ કે લેખક હોય કે ના હોય પણ એ વ્યક્તિને એટલું સન્માન આપે કે સામેની વ્યક્તિ પોતાને મોટા ગજાના સર્જક માનવા લાગે. આમ છતાંય સાહિત્યમાં પંદરેક પુસ્તકોનું સર્જન કરનાર આ સર્જક હજી પોતાની જાતને નવોદિત સર્જક જ માને છે. અન્યની જેમ એમને ક્યારેય રાતોરાત મોટા કે મહાન સર્જક થઈ જવાના અભરખા નથી કે નથી લાલસા. એમની કલમમાં એક અનોખી તાકત છે. એમના નિબંધોની ભાષા એમની અલગ ઓળખ ઊભી કરે છે. એમણે કેટલાક ઉત્તમ નિંબધોનું સર્જન કરીને ફેસબૂક ઉપર વહેતા કર્યા છે. જો કે આવા નિબંધો પછીથી એમણે ગ્રંથસ્થ પણ કર્યા છે. ગુજરાતી ભાષાના સાંપ્રત નિબંધકારોની પ્રથમ પંક્તિમાં આવી શકે એવા આ નિબંધકારને મળવી જોઈએ એટલી ખ્યાતિ અને પ્રતિષ્ઠા નથી મળ્યા એ આપણી ભાષાનું દૂર્ભાગ્ય છે.

શ્રી રમેશભાઈની એક વાત મને ખૂબ આકર્ષે છે. આ ઝાકઝમાળના યુગમાં, સોશિયલ મીડિયા પર સીન નાખવાના યુગમાં તેઓ ક્યારેય કોઈને પ્રભાવિત કરવાનો પ્રયાસ નથી કરતા કે નથી અખબારોમાં ચમકવાનો આગ્રહ રાખતા કે નથી કોઈ સંસ્થાઓમાં પદ મેળવવા પ્રયત્નો કરતા. બાકી આજે અનેક એવા બની બેઠેલા સર્જકો છે કે જેઓ રોજેરોજ પોતાનો ઢોલ વગાડ્યા કરે છે.પણ કોઈ સાંભળતું નથી. આ સર્જકે અનેક નવોદિત કવિ લેખકોને અનેક પ્રકારે ઉપયોગી પણ થયા છે. પરિણામે ઘણા એમની ઉદારતાનો ગેરલાભ પણ લઈ ગયા હશે. આ કોરોના કાળમાં પણ અનેક અજાણી વ્યક્તિઓને પણ એમણે મદદ પહોંચાડી છે. અને એમાય જો કોઈ એમ કહે કે હું સર્જક છું. તો તો રમેશભાઈ કોઈપણ જાતની ખાત્રી કર્યા વિના ગમે તેટલી વ્યસ્તતા વચ્ચે પણ એનો પ્રશ્ન ધ્યાનથી સાંભળીને એને હલ કરવાનો પ્રયાસ કરે એવા સહદયી.

રમેશભાઈનું બાળપણ અને શિક્ષણ કામલપુર અને રાધનપુરમાં પસાર થયું અને અમદાવાદમાં અર્થશાસ્ત્ર વિષય સાથે અનુસ્નાતક તથા પી.જી.ડિપ્લોમા ઈન જર્નાલિઝમ કર્યું છે. ગુજરાત સરકારમાં આ સર્જકે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના વાઈસ ચેરમેન તરીકે, એડીશનલ કલેક્ટર – લુણાવાડા, પ્રાંતઅધિકારી ખેડબ્રહ્મા, જિલ્લા પુરવઠા અધિકારી મહેસાણા,નાયબ કલેક્ટર જમીન સુધારણા,પ્રાંત અધિકારી રાજુલા,મદદનીશ કમિશનર મધ્યાહન ભોજન યોજના,ચીફ ઓફિસર નોટીફાઈડ એરિયા ગાંધીનગર વગેરે વિવિધ ઉચ્ચ પદ પર કાર્યરત રહીને સરકારની અને સમાજની સેવા કરી છે.

તેમનો બાળપણનો સંઘર્ષ, આર્થિક તંગદીલી, અનેક પ્રકારના અભાવો અને આ બધાની અવ્યક્ત પીડા એમના સર્જનનું એ.પી.સેન્ટર બને છે. આવા અભાવો અને પીડા ઘણી વખત વ્યક્તિને નિષ્ઠુર અને અસંવેદનશીલ બનાવી દે છે પણ આ કવિને સંવેદનશીલ બનાવે છે. અને આ સંવેદનામાંથી જન્મે છે કવિતાનો શબ્દ. જેમાં ભારોભાર સચ્ચાઈ અને સુગંધ ભરી હોય છે. આ કવિને પ્રકૃત્તિ પ્રત્યે અપાર પ્રેમ. એમના ફેસબૂક એકાઉન્ટમાં સર્ચ કરીશું તો મોટેભાગે પહાડો, નદીઓ, વૃક્ષો, પંખીઓ, આકાશ વગેરેની તસવીરો વિશેષ જોવા મળશે. આ પ્રકૃત્તિને કચકડે મઢવા ફોટોગ્રાફીનો પણ ભારે શોખ. ફેસબૂક પર એમાની વૉલ પર આજે પણ એવા અનેક ફોટોગ્રાફ છે કે જે પુસ્તકોના ટાઈટલ કે ઘરની દીવાલ પર પોસ્ટર બનાવી રાખી શકાય.

જો સરકાર રમેશભાઈને પુરાતત્વખાતાના વડા બનાવે તો શક્ય છે કે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ટોકિયો ઓલમ્પિક્સ : ઓલ ધ બેસ્ટ ઈન્ડિયા...!



**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**

આ લેખ તમે વાંચતાં હશો એના અંદાજે બે અઠવાડિયાથી ઓછા સમયમાં રમતોનો મહાકુંભ એવો ઓલમ્પિક જાપાનના ટોકિયોમાં શરૂ થઈ ગયો હશે. જી હા ઓરિજિનલી ૨૨ જુલાઇ થી ૯ ઓગષ્ટ ૨૦૨૦ માં આ સમર ઓલમ્પિક રમાવાનો હતો પણ કોરોનાના કહેરને લીધે એને મુલત્વી રાખવો પડેલો અને હવે પૂરા એક વર્ષ પછી એનું આયોજન થઈ શક્યું છે એટ્લે કે ૨૩ જુલાઈ થી ૮ ઓગષ્ટ ૨૦૨૧ વચ્ચે ટોકિયોમાં જગતભરના રમતવીરો પ્રતિષ્ઠિત ઓલમ્પિક મેડલ માટે હોડમાં ઊતરશે. આમ તો ટોકિયો ઓલમ્પિકની ઓફિસિયલ સાઈટ પર એની ઓપનિંગ સેરેમની ૨૩ જુલાઈએ થવાની છે એવું લખ્યું છે પણ એ પહેલા ૨૧ અને ૨૨ ના ફૂટબોલ અને બેઝબોલની સ્પર્ધાઓ શરૂ થઈ જવાની છે. જગતભરના રમતવીરો અને દર્શકો જેની આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે એ ઓલમ્પિકનો આગાઝ કોરોનાની નેગેટિવ અસરોમાથી લોકોને બહાર લાવવામાં મદદરૂપ ચોક્કસ થશે.

જો કે ઓલમ્પિક ગેમ્સ પર કોરોનાનો ખતરો મંડાયેલો તો છે જ. આ લખાય છે ત્યારે ટોકિયોમાં કોરોનાના ૫૦૦ કેસ છે અને જાપાનના ઘણા રાજ્યોમાં કોરોનાને લીધે ઈમરજન્સી લગાવાયેલ છે જેની મુદત ૧૨ જુલાઈના રોજ પૂરી થવાની છે અને જો જરૂર પડે તો એ પછી પણ ઈમરજન્સી લાગી શકે છે. જાપાનમાં પૂર્ણ રસીકરણ થઈ ગયું હોય એવી સંખ્યા માત્ર ૧૧% જ છે. ઓલમ્પિકને લીધે જાપાનમાં કોરોનાનો કહેર વધશે એવા ડર વચ્ચે મે માં થયેલા એક સરવેમાં ૬૦% જાપાનીઝ ઓલમ્પિક નહીં યોજવાના મતમાં હતા. જો કે ઓલમ્પિક કમિટીના ઉપાધ્યક્ષ જોન કોટ્સને આવી પરિસ્થિતીમાં પણ ઓલમ્પિક રમાશે એમ પુછ્યું ત્યારે એમનો જવાબ હતો કે 'બિલકુલ હા'..! મતલબ કે ઓલમ્પિક કમિટીએ પણ કોરોનાની સ્થિતિ વચ્ચે ઓલમ્પિક રમાડવાનું મન બનાવી લીધું છે અને એના ભાગરૂપે ઘણાબધા કોરોના પ્રતિબંધો અમલમાં મૂક્યા છે. ખેલાડીઓ ઓલમ્પિકના પાંચ દિવસ પહેલા જ ઓલમ્પિક વિલેજમાં આવી શકશે અને ઓલમ્પિક પૂરી થયે તરત જ દેશ છોડી દેશે. કોરોનના ડેલ્ટા વેરીયન્ટના સંભવિત શિકાર દેશોના ખેલાડીઓએ જાપાન આવતા પહેલા અને પછી સાત દિવસ સુધી રોજ ટેસ્ટ કરાવવો પડશે, જેમાં ભારત સહિત એશિયન દેશો સામેલ છે. આ વખતે સંક્રમણની બીકે ઓલમ્પિકમાં વિદેશી દર્શકોને આવવાની છૂટ મળવાની નથી અને માત્ર સ્થાનિક દર્શકો જ ઓલમ્પિક જોવા આવી શકશે અને એ પણ સ્ટેડિયમની કુલ કેપેસિટીના ૫૦% અથવા તો વધુ માં વધુ ૧૦૦૦૦. જો કે દર્શકોની સંખ્યા વિષે આખરી નિર્ણય તો ૧૨ જુલાઈ પછી જ લેવાશે અને શક્યતા છે કે જો કોરોનાની રફતાર આમ જ રહી તો દર્શકો વગર પણ ઓલમ્પિક રમાડવામાં આવશે પણ ઓલમ્પિક તો રમાશે જ.

આ ઓલમ્પિક રમાશે જ એનું એક બીજું કારણ આર્થિક પણ છે જ. ગયા વર્ષે ઓલમ્પિક આયોજનનો કુલ ખર્ચ ૧૫ અબજ ડોલર થવાનો હતો એ ઓલમ્પિક સ્થગિત થવાને કારણે વધી ગયો છે અને ખુદ જાપાન સરકારના કેટલાયે ઓડિટમાં અસલ ખર્ચ આનાથી ૨-૩ ગણો વધુ થશે એવું કહેવાયું છે. ઓલમ્પિકની આવકમાં લગભગ ૮૦ કરોડ ડોલર ટિકિટોની આવક હતી પણ હવે એમાં મોટો ઘટાડો આવી શકે છે. ૬૦ થી પણ વધુ જાપાનીઝ કંપનીઓએ રેકોર્ડ ૩ અબજ ડોલર સ્પોન્સરશીપ પેટે આપેલ છે અને હવે બદલાયેલા માહોલમાં વધુ ૨૦ કરોડ ડોલર આપ્યા છે તો સેમસંગ, ટોયોટા, પેનાસોનિક જેવી કંપનીઓની તગડી કરોડો ડોલરની સ્પોન્સરશીપ અલગથી છે. જો કે અત્યારે તો ઓલમ્પિક રદ થાય એવું લાગતું નથી પણ જો એમ થાય તો વિમાની મોટી રકમ પણ વીમાકંપનીઓએ ચૂકવવી પડે. આ ઉપરાંત એડ્વાર્ટાઈઝિંગ અને બ્રોડકાસ્ટની આવક અલગથી છે જેમાં કોઈ ઘટાડો થવાની શક્યતા નથી. વિદેશી દર્શકો નહીં આવવાથી પર્યટન ઉદ્યોગને પણ મોટો ફટકો પાડવાનો જ છે. આ બધા વચ્ચે કોરોનાના ડરને લીધે એક યા બીજા કારણોસર સ્ટાર ખેલાડીઓ જેવા કે ટેનિસ સ્ટાર સિમોના હલેપ, સેરેના વિલિયમ્સ, રફેલ નડાલ, ડોમિનિક થિયમ ઓલરેડી ટોકિયો ઓલમ્પિક માટે ના કહી ચૂક્યા છે તો ફેડરર વિમ્બલડન પછી ઓલમ્પિકમાં રમવું કે નહીં એનો ફેંસલો કરવાનો છે.

ઓલમ્પિકમાં ૪૩ વેન્યુ પર ૩૩ સ્પર્ધાઓની કુલ ૩૩૯ ઈવેંટ યોજાવાની છે. ૨૦૦ દેશની લગભગ એટલી જ ટીમોના અંદાજે ૧૬૦૦૦ થી વધુ ખેલાડી ઓલમ્પિકમાં ભાગ લેવાના છે ત્યારે ખેલના આ મહાકુંભમાં ભારત પણ મેડલ માટે તૈયાર છે. ભારતનું ઓલમ્પિક માટેનું ઓફિસિયલ થીમ સોંગ ' લક્ષ્ય તેરા સામને હૈ ' મોહિત ચૌહાણના અવાજમાં રીલીઝ થઈ ચૂક્યું છે. ૧૦૦ થી વધુ ભારતીય ખેલાડીઓ ઓલરેડી ઓલમ્પિક માટે ક્વોલિફાઈ કરી ચૂક્યા છે. ૨૦૧૬ના રિયો ડી જનેરો ઓલમ્પિકમાં ભારતને માત્ર બે જ મેડલ મળેલા પણ આ વખતે ભારતીય ખેલાડીઓની ઉમ્મીદો વધુ મેડલની છે. આ વખતે ઘણા એવા ખેલાડીઓ છે જે મેડલ જીતવા સક્ષમ છે જેમાં બેડમિંગટન ચેમ્પિયન પી. વી. સિંધુ અને સાઈ પ્રનીથ , મુક્કેબાઝ મેરી કોમ અને અમિત પંઘાલ, પહેલવાન બજરંગ પુનિયા અને વિનેશ ફોગટના નામ મોખરે છે. હમણાં જ એશિયાઈ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર મુક્કેબાજ પુજા રાની અને ૫૯ કિલો કેટેગરીમાં વિકાસ કુષ્ણ પર પણ આશાઓ છે. કુસ્તીમાં ટિમ વધુ મજબૂત છે. રિયો ઓલમ્પિકમાં ઈજાને લીધે મેડલ સહેજ માટે ચૂકી જનાર વિનેશ ફોગટ ઉપરાંત દિપક પુનિયા પણ મેડલના સ્ટ્રોંગ દાવેદાર છે. નિશાનેબાજીમાં પણ આ વખતે ટિમ મોટી છે અને તેમાં પણ એલાવીનેલ, અંજુમ અને અપૂર્વી ની સાથે સાથે ૧૦ મીટર એર પિસ્ટલમાં યુવા ખેલાડી માનું ભાકર માં મેડલ જીતવાનો દમ છે. પુરુષોમાં સૌરભ ચૌધરી અને અભિષેક વર્મા પર ઘણી આશાઓ છે. ટ્રેક એન્ડ ફિલ્ડમાં ભલાફેંકમાં જો નીરજ ચોપડા ૯૦ મીટરથી વધુ ફેંકી શકે તો મેડલનો દાવેદાર બની શકે છે તો મહિલા ભાલાફેંકમાં અન્નુંરાની આશાસ્પદ છે. ૨૦ કિમી ચાલવામાં ઈરફાન, લાંબી કુદમાં મુરલી શંકર પણ સારા પ્રદર્શનના દાવેદાર છે. ટેબલ ટેનિસમાં મનિકા, સાથીયાન અને કમલની ટિમ જો ચાઈનીઝ ખેલાડીઓના પડકારોને પાર પાડી શકે તો મેડલ જીતી શકે એમ છે તો આ વખતે ઓલમ્પિકમાં પહેલી જ વાર ક્વોલિફાઈ થયેલા નૌકા ચાલક અર્જુન જાટ અને અરવિંદ સિંહ, જીમનાસ્ટ પ્રણતી નાયક, તલવારબાજ ભવાનીદેવી અને ઘોડેસવારીમાં ફવાદ મિર્ઝા પર પણ દેશની નજરો રહેવાની. ગુજરાત માટે ગર્વની વાત એ છે કે ગુજરાતની ૬ દીકરીઓ ઓલમ્પિકમાં ભાગ લેવાની છે જેમાં માના પટેલ સ્વિમિંગમાં, મૂળ તામિલ પણ અમદાવાદમા ઉછરેલ ઈલાવેનિલ વલારીવન શૂટિંગમાં, અંકિતા રૈના ટેનિસમાં, સોનલ પટેલ તથા ભાવિના પટેલ પેરા ટેબલ-ટેનિસમાં અને આપણાં ગાંધીનગરની પારુલ પરમાર પેરા બેડમિન્ટન રમતમાં ટોક્યો ઓલમ્પિક-પેરા ઓલમ્પિકમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.

પહેલીવાર ભારત ૧૮ રમતોમાં પોતાની દાવેદારી રજૂ કરશે. રિયો ઓલમ્પિકમાં ભારતે ૧૫ રમતોમાં ભાગ લીધેલ. જો કે આ વખતે એથ્લેટિકની ટિમ રિયો ઓલમ્પિક કરતાં નાની છે પણ મહિલાઓની ૧૦૦ અને ૨૦૦ મીટર રેસમાં એથ્લેટ દુતીચંદ પર દેશને આશાઓ છે જો કે ઈજાને લીધે ક્વોલિફાઈ નહીં કરી શકનાર હિમાદાસ ની કમી મહેસુસ થશે. સ્વિમિંગમાં નટરાજ અને સાજન પ્રકાશ ભારતની દાવેદારી પેશ કરશે. ઓલમ્પિકમાં આઠ ગોલ્ડ મેડલ જીતનાર પણ છેલ્લા ૪૧ વર્ષથી મેડલ ન જીતી શકનાર

**અનુસંધાન પાના નં. ૭ પર**